






દ્વારકાધીશની દવજા આરોહણ નિમીતે
કાળાભાઈ ખેતાભાઈ ભેદરૂ પરિવાર તરફથી સપ્રેમ ભેટ

વર્ગ ગીત—


મંગલ ગાન કરેંગા જનપદ મંગલ ગાન કરેંગા
નવ પ્રતિઘોષ કરેંગા, મંગલગાન કરેંગા
ભારત માતા કે ચરણોં મેં મસ્તક નવા ન ધરેંગા (ધ્રુ)

જન જીવન મેં રાષ્ટ્રભક્તિ કા નવ સ્વર ભર દેંગે
પીડિત ત્રસ્ત નિરાશ મનોં મેં નવ વિશ્વાસ ભરેંગે
પુનઃ હિન્દુ કે જય ગર્જન સે અરિદલ કંપિત હોગા (૧)

સિંધુ જાહ્નવી કે તટ પર જબ સામ સુધા બરસેગી
ઋષિ મુનિયોં કી પરંપરા જબ પુનઃ પ્રતિષ્ઠિત હોગી
નાલંદા ઔર તક્ષશિલા કા પુનર્જન્મ જબ હોગા (૨)

શશિ સૂર્ય કે પ્રખર તેજ સે નષ્ટ તમસ જબ હોગા
પુણ્ય વિભવમય રાષ્ટ્ર હિન્દુ કા શુભ સંકલ્પ બનેગા
માનવતા કા ધ્વજ દિગંત મેં ગૌરવમય લહરેગા (૩)

## હાર્દિક અભિનંદન


શ્રી હરિભાઈ ચૌધરી
(સંસદસભ્યશ્રી, બનાસકાંઠા)

જીનિવા મુકામે યોજાનાર આંતરરાષ્ટ્રીય પરિષદમાં જનાર પાંચ સંસદસભ્યોના પ્રતિનિધિ મંડળમાં બનાસકાંઠાના ગૌરવ સમાન લોકલાડીલા સાંસદશ્રી હરિભાઈ ચૌધરીની પસંદગી થયેલ હોઈ અમો સૌ અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

નાનજીભાઈ ટી. પટેલ
ચેરમેન

ડુંગરાભાઈ બી. પટેલ
વા. ચેરમેન

મંત્રી
લાલાભાઈ કે. ચૌધરી
તથા ડીરેકટરો

**અર્બુદા ક્રેડીટ કો. ઓપ. સોસા. લી. લાખણી**

(...०५५४, एक्ट २१-१८६०)
श्री गंगा तट, गऊघाट, हरिद्वार–२४६ ००१ (उ०प्र०)
सिर्फ अन्धे, लूले-लंगड़े, कोढ़ी तथा अनाथ, गरीब साधु-महात्माओं के भोजन के लिए।
अन्न का दाता सदा सुखी। सुख चाहो तो सुख दो।

**Prachin Langar Shri Guru Nanak Annchhettar Bhandar**
(Regd. No. 554, Act 21-1860)
SHRI GANGA TAT, GAUGHAT, HARIDWAR (U.P.)
प्राचीन लंगर श्री गुरु नानक
अन्नक्षेत्र भण्डार
(रजिस्टर्ड दिनांक ५५४)
श्री गंगा तट, गऊघाट, हरिद्वार (यू० पी०)

№ 002316


नाम दानी ........................ जी
पूरा पता ........................ के
बावत ........................
रकम ........................
Rs. ........................ मैनेजर
ह०/दानदाता ह०/प्राप्तकर्ता

Printed at : Manocha Ptg. Press, Rama Market, D.Dun. Ph. : 2E...

## શ્રદ્ધાંજલિ


સ્વ. ગોરધનજી ગાગીજી માળી

આ બન્ને મહાનુભાવોના અકાળે દુઃખદ અવસાનથી બનાસકાંઠા જીલ્લાને ન પુરી શકાય તેવી રાજકીય ખોટ પડી છે. આ બન્ને નેતાઓના ગાંધીવાદી વ્યક્તિત્વ અને વિરલ તથા ઉમદા સ્વભાવના કારણે


સ્વ. જગતાભાઈ પટેલ

વિશાળ ચાહક વર્ગને આઘાતમાં મુકીને સ્વર્ગે સીધાવી ગયા. અમારી પ્રભુને પ્રાર્થના કે સદ્‌ગતના આત્માને શાન્તિ મળે.

લિ.

| | |
|---|---|
| અભાભાઈ જી. પટેલ | બાબરાભાઈ એન. પટેલ |
| નાનજીભાઈ પી. પટેલ | કાળાભાઈ જે. પટેલ |
| દાનાભાઈ જી. પટેલ | જેમલભાઈ જે. પટેલ |
| ચેલાભાઈ એ. પટેલ | ત્રીકમાભાઈ કે. પટેલ |
| ઉદાભાઈ એમ. પટેલ | હરીભાઈ કે. પટેલ |
| લાલાભાઈ કે. પટેલ | પદમાભાઈ એ. પટેલ |
| નર્મદભાઈ આર. પટેલ | જગતાભાઈ એન. પટેલ |
| નવીનભાઈ શાહ | ડૉ. ધર્મેશભાઈ રાવલ |

દિલીપ એચ. પુરોહિત, લાખણી



**લાલજીભાઈ કે. પટેલ**
(લાખણી)

ભારત દેશના વિવિધ વિસ્તારોમાં વિશ્વના ક્રિશ્ચિયનો હિન્દુ ધર્મના લોકોને ધર્માંતર કરવાની પ્રવૃત્તિઓ આદરતા હોય છે.

આ પ્રવૃત્તિઓથી આપણે જાગીને નહીં ચાલીએ તો જરૂર આપણને આની માઠી અસર જોવા મળશે. કારણ કે ખ્રિસ્તી પાદરીઓ ધર્મપરિવર્તન કરવા માટે તનતોડ પ્રયત્ન કરતા જોવા મળે છે. આ માટે અઢળક રૂપિયા ખર્ચે છે.

સમભાવ-૮।૨।૯૯



# આદર્શ વિદ્યાલય કોટડા (ધુણસોલ) માં રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાનના સ્પોકન સંસ્કૃત વર્ગનું થયેલ ઉદ્‌ઘાટન

કોટડા

આદર્શ વિદ્યાલય કોટડામાં શરૂ થયેલ સંસ્કૃત વર્ગના ઉદ્‌ઘાટનમાં શ્રી દલાભાઈ પી.પટેલ (તાલુકા ડેલીગેટ), શ્રી ભેમાભાઈ ચૌધરી (સંવાહક હિંદુ ધર્મ જાગરણ મંચ,બ.કાં.), અશ્વિનભાઈ પટેલ (જિલ્લા પ્રચારક રા.સ્વ.સે. સંઘ)લાલજીભાઈ કે.પટેલ (તાલુકા સંવાહક ભીલડી) ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણ માસમાં કડકડાટ સંસ્કૃત બોલવાની ગેરંટી સાથે આદર્શ વિદ્યાલય-કોટડામાં સંસ્કૃત વર્ગનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદનાથી થઈ હતી. ત્યારબાદ શાળાના આચાર્ય અને સંસ્કૃત વર્ગના શિક્ષક હિમાંશુભાઈ બી.સુતરીયાએ મહેમાનોનું સંસ્કૃતમાં પરીચય આપી શાબ્દિક સ્વાગત કર્યું.

શાળાના આચાર્યએ યોજના વીશે માહિતી આપી અને જણાવ્યું કે બનાસકાંઠામાં બીજી દીક્ષા ચાલતા હોય તેવા જુજ કેન્દ્રોમાંના એક કેન્દ્ર આદર્શ વિદ્યાલય કોટડામાં છે. તમામ મહેમાનોએ વિષયને અનુરૂપ સુંદર પ્રવચન આપેલ. અંતે પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ કરી શાળાના શિક્ષકશ્રી ડી.ડી.પટેલે આભારવિધિ કરી. સમગ્ર કાર્યક્રમનું સંસ્કૃતમાં સંચાલન શ્રી આર.એચ.પટેલે કર્યું. આ કાર્યક્રમની સાથે સાથે રક્ષાબંધનની પણ ઉજવણી કરવામાં આવી. જેમાં વિદ્યાર્થીઓની દેશદાઝ અને ભાઈચારાની ભાવના ખીલે તેવા કાર્યક્રમો યોજાયા હતા. પ્રા.શાળાના આચાર્યશ્રી રૂપલબેન પટેલ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરૂં પાડયું હતું.

---

❖ તા.૧-૨-૨૦૦૦ મંગળવાર- પાના નં.૪

# લાખણી ખાતે આર.એસ.એસ. દ્વારા ભારત માતાના પૂજનનો યોજાયેલ કાર્યક્રમ

(ખબરપત્રી) ડીસા

ડીસા તાલુકાના લાખણી ખાતે પ્રજાસત્તાક દિને તા.૨૬ મી જાન્યુઆરીએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા ભારત માતાના પૂજનનો કાર્યક્રમ આયોજીત કરાયો હતો. આ પ્રસંગે લાખણી મંડળ કેન્દ્રના પ્રમુખ શ્રી કનુભાઇ ચૌધરી, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી ભાણજીભાઇ પટેલ, શ્રી ગ્નાનજીભાઇ પટેલ તથા અન્ય અગ્રણીઓ હાજર રહ્યાં હતા. શ્રી ભાણજીભાઇએ અધ્યક્ષ સ્થાનેથી દિપ પ્રગટાવીને કાર્યક્રમનો આરંભ કર્યો હતો. શ્રી કનુભાઇ ચૌધરીએ જણાવ્યું હતું કે સામાજીક સમરસતા અને સંગઠન કાર્યનો આધાર ભારત માતાની ભક્તિ છે. તેમણે લાખણી મંડળના ગામડે ગામડે શાખા સ્થાપવા તથા દરેક લોકો ભેદભાવથી બહાર આવી એકતા સાધે તે જરૂરી છે. ભારત માતાના પૂજનનો પ્રથમ લાભ મોહનભાઈ રાજગોરે લીધો હતો.

---

# લાખણી પ્રા. શાળા-૨ માં તિથિ ભોજન

ડીસા

લાખણી પ્રા. શાળા- ૨ માં તાજેતરમાં ડૉ. પ્રતાપભાઈ ચૌધરી તરફથી ૭૦૦ બાળકોને ચૌધરી રાંમાભાઈ વીરાભાઈ તથા તેમના ભાઈઓ તરફથી ૬૦૦ બાળકોને ચૌધરી લાલજીભાઈ કાળાભાઈ તથા ચૌધરી અમરાભાઈ રાંમાભાઈ તરફથી ૧૪૦૦ બાળકોને મોદી હરીભાઈ તથા ચૌધરી હીરાભાઈ (બોંકા) તરફથી અંદાજીત ૨૧૦૦ બાળકોને લાખણી વી.ઈ.સી.ની આઠ શાળાઓને તિથિ ભોજન આપી સુંદર પ્રેરણા પુરી પાડેલ. આ પ્રસંગે ગામના સરપંચ નવીનભાઈ, ડે. સરપંચ એન.ટી. પટેલ, જેસુંગજી બાપુ, ભગવાનસિંહ, ધુડાભાઈ, અભાભાઈ મેરાજીભાઈ દેસાઈ (તાલુકા ડેલીગેટ), હાઈસ્કૂલનો સ્ટાફગણ, એમ.ટી.એ. પી.ટી.એ. ના સભ્યો, શાળાના આચાર્ય એ.એસ. પટેલ તથા સ્ટાફગણે, સેન્ટર શાળાના આચાર્ય જોધજી વાઘેલા, સી.આર.સી. એન.એમ. પટેલ તથા અન્ય શાળાના શિક્ષક ભાઈ- બહેનો મોટી સંખ્યામાં હાજર રહેલ. કાર્યક્રમનું સુંદર આયોજન કરી કાર્યક્રમ સફળ બનાવેલ. ૧૧/૧/૨૦૦૮

---

તા. ૬/૮/૦૮ બુધવાર




## ૧૫ ઓગસ્ટ કાઉન્ટ ડાઉન : ૯ દિવસ

૧૫ ઓગસ્ટ ૨૦૦૮ ૬૨ મો સ્વાતંત્ર્ય દિન પાલનપુર.



જ્યારે ૧૫ મી ઓગસ્ટના રાજ્ય કક્ષાનો ધ્વજવંદન કાર્યક્રમ બનાસકાંઠા જિલ્લાના વડા મથક પાલનપુરમાં ઉત્તર ગુજરાતના પનોતા પુત્ર, ગરવી ગુજરાતના પ્રણેતા નરેન્દ્રભાઈ મોદી ખાસ ઉપસ્થિત રહેવાંના હોઈને બનાસ વાસીઓની લોક માંગણી, ઈચ્છાઓ, અપેક્ષાઓ અને અકાંક્ષાઓ પ્રજ્વલિત જોવા મળે છે જેને રાજ્ય સરકાર શૂરમાં શૂર પૂરાવીને બનાસકાંઠા જિલ્લો આર્થિક સામાજીક અને શૈક્ષણિક પછાતપણામાંથી દૂર કરવા અતિ તાતી જરૂરીયાત છે. આઝાદી પૂર્વ અને પછી શૈક્ષણિક,સામાજિક સમરસતામાં પછાતપણાથી પીડાતા જિલ્લો આજના ઉભરતા જતાં આઈ.ટી.યુગમાં વિશેષ પ્રકારનું શૈક્ષણિક પેકેજ જાહેર કરવામાં આવે તો મૂળ સમસ્યા હલ થાય તેવું આશાનું કિરણ લોકહૈયાની માંગણી માત્ર મુખ્યમંત્રી ઉપર જનતા સેવે છે.

વિશેષ જિલ્લામાં પૂર્વ અને પશ્ચિમ ક્ષેત્રમાં બે ખાસ યાત્રાધામ આવેલ છે. તેમજ આજના શ્વેત ક્રાન્તીના જમાનામાં જિલ્લાના છેવાડાના ગામડાના ધરતીપુત્ર (ખેડૂત) સ્વમાનભેર જીવન ગુજારી શકે તેવા ધંધા ખાસ વિકાસ હેઠળના કાર્ય કરી હાજર લોક ભાગીદારો દ્વારા કરાવીને અન્ય જિલ્લાના વિકાસની હરોળમાં મુકી શકાય તેવો આશય રાખીએ તો પણ ખોટુ નથી.

લિ.લાલજીભાઈ કે.પટેલ, (લાખણી)

---

# લાખણીમાં શ્રી સરસ્વતી વિદ્યાલયના વિદ્યાર્થીઓનો 'દિક્ષાંત સમારોહ' યોજાયો

(ખબરપત્રી) ૨૨/૩ લાખણી

શ્રી સરસ્વતી વિદ્યાલય લાખણીના ધો. ૧૦/૧૨ ના વિદ્યાર્થી ભાઈ-બહેનોની 'દિક્ષાંત સમારોહ' ગામના અગ્રગણ્ય નાગરિકોના સાનિધ્યમાં યોજાયો હતો. શ્રી જેસુંગજી વાઘેલા ઉપપ્રમુખશ્રી લાખણી જૂથ કેળવણી મંડળ અને મંત્રીશ્રી અભાભાઈ પટેલ ઉપસ્થિત રહી આશીર્વચન પાઠવ્યા હતા. વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રણાલિકા મુજબ 'પાંચ પ્રતિક' આપી ધો. ૯ અને ધો. ૧૧ ના વિદ્યાર્થીઓએ શુભેચ્છા પાઠવી હતી. ભૂતપૂર્વ વિદ્યાર્થીશ્રી લાલાભાઈ પટેલે તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માન આપી વિવિધ ભેટ આપી હતી. ઉચ્ચ શિક્ષણ અને સંસ્કારો માટે શીખ આપી ધી વર્લ્ડ ગીફ્ટ સેન્ટર તરફથી ભૂતપૂર્વ વિદ્યાર્થીશ્રી યાસિન મહંમદે અને મંડળ તરફથી તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને રોકડ સ્વરૂપે ભેટ આપી. લાખણી જૂથ કેળવણી મંડળે 'કન્યા કેળવણી પ્રોત્સાહક' અને વિદ્યોત્તેજક ફંડ દ્વારા ઉચ્ચ કારકિર્દી માટે આર્થિક સહાય જાહેર કરી. કાર્યક્રમનું સંચાલન શ્રી જે.એલ.રાજપૂતે અને આભારવિધિ શ્રી જે.વી. પટેલે કરી હતી.

---

# હાર્દિક શુભેચ્છા

પ્રતિશ્રી,
તંત્રી, ધી લેટેસ્ટ ન્યુઝ દૈનિક

નમસ્કાર.

સવિનય સાથે જણાવવાનું કે, આપે ઉત્તર ગુજરાતના ડીસા નગરે 'ધી લેટેસ્ટ ન્યુઝ' શરૂ કર્યું છે તે એક અજોડ કાર્યનો આરંભ કર્યો છે કારણ કે આજના વર્તમાન યુગમાં ન્યુઝ એક પાયાની ઈમારત સમાન ગણાય છે.

આપની લાગણીઓ, આશાઓ, અપેક્ષાઓને પ્રભુ પરિપૂર્ણ કરે એવી અમારી અપેક્ષાઓ છે. આપને કોટી કોટિ વંદન.

**પટેલ લાલજીભાઈ કાળાભાઈ**

મુ. લાખણી તા. ડીસા.

# લાખણી હાઈવે પરનાં દબાણો દુર કરાતાં નિરાંત અનુભવતા વાહન ચાલકો-રાહદારીઓ

- પંચાયત હદનાં દબાણો હટાવવા પણ તાત્કાલીક પગલાં લેવાં જરૂરી છે : કલેક્ટરશ્રી ધટતુ કરશે ?

(ખબરપત્રી) લાખણી

ડીસા-થરાદ રોડ ઉપર આવેલ ડીસા તાલુકાના લાખણી ગામે હાઈવે ઉપર પેચીદો પ્રશ્ન બની ગયેલ દબાણો હટાવવાનો કાર્યક્રમ તા.૪/૩/૯૯ ના રોજ હાથ ધરવામાં આવ્યો હતો. ડીસા તાલુકાના મામલતદારશ્રી, રોડ વિભાગના અધિકારીઓએ પોલીસ બંદોબસ્ત સાથે લાખણી ગામે દબાણો હટાવ્યાં હતાં. હાઈવે રોડની ધરીથી ૭૫ ફુટ સુધી થયેલાં દબાણો ઉઠાવી લેવાયાં છે. દબાણ હટાવવાની સુચના અધિકારીઓ દ્વારા અપાઈ હતી, ત્યારે લારીગલ્લા તથા કેબીનો વાળાઓએ શાંતિપૂર્ણ રીતે રકઝક કર્યા વગર શાંતિપૂર્વક દબાણ હટાવવાની કામગીરીને સફળ બનાવી હતી. જોકે શરૂઆતમાં વાતાવરણ થોડું ઉત્તેજીત અને ગરમ જરૂર બની ગયું હતું, પરંતુ કુશળ મામલતદારશ્રીના અથાગ પ્રયત્નો તથા સમજાવટથી પરિસ્થિતિ જળવાઈ રહી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે લાખણી વિકસતું ગામ છે. ખાસ કરીને હાઈવે વિસ્તારનો નોંધપાત્ર વિકાસ છેલ્લા કેટલાક સમયથી કુદકેને ભૂસકે થઈ રહ્યો છે. વેપાર ધંધાઓ હાઈવે વિસ્તારમાં ખુબ જ મોટા પ્રમાણમાં વિકાસ પામ્યા છે. તેથી ભરચક અને ગીચતા વધતી જાય છે. રોડની બંને સાઈડે મકાનો-દુકાનો તથા શાળાઓ વગેરે હોવાથી અવર જવર વધી છે. હાઈવે રોડ માનવ વસવાટની વચ્ચે આવી ગયો છે, તેથી અકસ્માતો પણ વધતા જાય છે. તાજેતરમાં બેથી ત્રણ વખત ગંભીર અને ગમખ્વાર અકસ્માતો સર્જાયા હતા. તેથી રાહદારીઓની અવર જવર અસલામત બનતી જાય છે. આ સ્થિતિને ધ્યાને લઈને હાઈવે માર્ગ ખુલ્લો રહે અને દબાણો ફરીથી ન થાય તેની કાળજી કાયમી ધોરણે લેવાય તે ઈચ્છનીય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રોડ સત્તાવાળાઓના હસ્તકનાં દબાણો દૂર કરાયાં છે, ત્યારે પંચાયતની હદમાં થયેલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરાય તો લાખણી ગામની રોનક વધી જાય. પંચાયત હદમાં પણ વ્યાપક પ્રમાણમાં દબાણોનો રાફડો ફાટયો છે. જીલ્લા કલેકટરશ્રી તથા અન્ય વરિષ્ઠ અધિકારીઓ કોઈની પણ શેહશરમ વગર આ કામગીરી હાથ ધરે તેવો ઉગ્ર જનમત છે.

---

નુતન વર્ષાભિનંદન




पोस्ट कार्ड POST CARD

जा.प्र.मु. / I.S.P. - 2001

લાખણી

લાલજીભાઈ કાળાભાઈ પટેલ
ગણપતિ ટ્રેડીંગ સ્ટોરવાળા
માર્કેટ યાર્ડ
મુ.પો. લાખણી
તા. ડીસા. જિ. બનાસકાંઠા

पिन PIN

---

રહ્યા

હતું કે વિશ્વસ્તરનું આરોગ્ય શહેર બેંગ્લોરમાં તેમની સંસ્થા દ્વારા બનાવવામાં આવી રહ્યું છે.

## જીવનવિમા એજન્ટની કરોડપતિ વીમા એજન્ટની સિધ્ધી



જીવન વિમા નિગમના એજન્ટ લાલજીભાઈ ચૌધરીએ ટૂંકાગાળામાં કરોડપતિ વિમા એજન્ટનું બિરૂદ મેળવી યશસ્વી સફળતા હાંસલ કરેલ છે.

લાખણી માર્કેટયાર્ડમાં પેઢી ધરાવતા યુવાન અને ઉત્સાહી લાલજીભાઈ ચૌધરી સેવાકીય પ્રવૃત્તિઓ થકી બહોળું મિત્ર વર્તુળ ધરાવે છે. સંતત પ્રવૃત્તિશીલ રહી અન્યોને મદદરૂપ બનવાની ખેવનાના કારણે પંથકમાં અપાર લોકચાહના ધરાવે છે. વ્યસ્ત હોવા છતાં અનેક સહકારી તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલા રહે છે. તેઓ ૨૦૦૭ ના વર્ષમાં જીવન વિમા નિગમના એજન્ટ તરીકે જોડાયા હતા અને આ ક્ષેત્રમાં પણ દિલથી કામગીરી કરી ટૂંકાગાળામાં કરોડપતિ વિમા એજન્ટની સિધ્ધિ હાંસલ કરી હતી.

---

નૂતન વર્ષાભિનંદન



સ્નેહી શ્રી, ____________________

સુરમ્ય મંગલ પ્રભાતે શરૂ થતું આપનું નવું વર્ષ આપને તથા આપના પરીવારને સુખદાયી, લાભદાયી અને યશસ્વી નીવડે તથા દીપાવલીનું નવલુ પર્વ આપની જીંદગીને ઉજ્વળ જળહળતા દીવડા જેવી બનાવી રાખે તેવી શુભેચ્છા સહ...

લિ.
પટેલ રામજીભાઇ કાળાભાઇ
પટેલ લાલજીભાઇ કાળાભાઇ (B.Com)

ફર્મ :- ☎ : ૪૪૩૦૭ (ઓ.)
**ગણપતિ ટ્રેડીંગ કું.**
(જનરલ મરચન્ટ એન્ડ કમીશન એજન્ટ)
**ગુજરાત સમાચાર** (ન્યુઝ એજન્સી)
લાખણી તા. ડીસા (જી. બનાસકાંઠા)

---

અનુ. પાન ૪ નું ચાલુ....

મંતવ્ય સાચનું.....

પક્ષો પોતાની રીતે ચુંટણી તૈયારી કરવા લાગ્યા છે. જેમા રાષ્ટ્રીય, જનતા દળ, રાજપા, તમિલા, મહિલા કોંગ્રેસ વગેરે પક્ષો પોતાની સત્તાની જમાવટ કરવા માટે દિલ્હીના દરવાજે જઈને નવા મોરચો તૈયાર કરતાં જોવા મળે છે. આ પ્રાદેશિક પક્ષો વિચાર કરતાં નહી હોય કે અમારૂં સ્થાન ઘરના દરવાજે છે અને ઘરના માલિક બની શકીશું નહી છતાં પણ ધમપછાડા કરતાં જોવા મળે છે. આ ૧૨ મી લોકસભાની ચુંટણી આ દેશ ઉપર ૧૦૦ કરોડ રૂપિયાનો બોજ નાખી જાશે. આવા બોજ આ દેશ માટે શું ફાયદાકારક ગણાય છે. પછી ગેરફાયદાકારક ગણાય ? ૧૨ મી લોકસભાની ચુંટણી સ્થિર સરકાર આપશે એવું વિચારી લેવું વધારે યોગ્ય ગણાય છે.

**લાલજીભાઈ કે. ચૌધરી**
**(લાખણી)**

---

1

## સમાજના તમામ મિત્રોને નૂતન વર્ષાભિનંદન...

સેવા..... સહકાર..... સંગઠન...

| | | | | |
|---|---|---|---|---|
| વડગામ | લાખણી | થરાદ | દાંતીવાડા | ભીલડી |
| દિનેશભાઈ ચૌધરી | લાલજીભાઈ ચૌધરી | વિરજીભાઈ ચૌધરી | દરઘાભાઈ ચૌધરી | લાલજીભાઈ ચૌધરી |
| રાધનપુર | કાંકરેજ | પાલનપુર | ડીસા | ધાનેરા |
| પવલેશભાઈ પટેલ | ડી.એન.પીલીયાતર | જસવંતભાઈ જેગોડા | નરસિંહભાઈ ચૌધરી | ધનજીભાઈ ચૌધરી |
| અજમલભાઈ પટેલ | ગોવિંદભાઈ ચૌધરી | હરેશભાઈ ચૌધરી | (ચૌધરી ચા) | જેરૂપભાઈ ચૌધરી |
| જયંતીભાઈ પટેલ | | | | |

**આંજણા ટાઈમ્સ-પરિવાર**

## .બનાસકાંઠા વિદ્યાર્થી-મંડળ- પાંટણના હોદ્દેદારોની વરણી

(ર.સૂ.સે) ડીસા

બનાસકાંઠા જિલ્લાના ઘણા વિદ્યાર્થીઓ પાટણ ખાતે ઉચ્ચ અભ્યાસ મેળવી રહ્યા છે. જેમાં ચૌધરી સમાજના વિદ્યાર્થીઓનો પણ સમાવેશ થાય છે. આ વિદ્યાર્થીઓમાં ભાઈચારો કેળવાય, અભ્યાસને લગતા પ્રશ્નોના યોગ્ય નિરાકરણ વિગેરે શુભ ઉદ્દેશોથી બનાસકાંઠા વિદ્યાર્થી મંડળની તાજેતરમાં રચના કરવામાં આવી છે.

આ મંડળના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ચૌધરી લાલજીભાઈ કે. (લાખણી) ઉપ-પ્રમુખ તરીકે ચૌધરી જયંતિભાઈ કે. (ખોડા) મંત્રી તરીકે રાઠોડ હરિસિંહ એલ. (જસરા) સહમંત્રી તરીકે ચૌધરી ઈશ્વરભાઈ જી. (કુમર) તેમજ કમીટી સભ્યો તરીકે સર્વશ્રી ડાહ્યાભાઈ પટેલ, જેતાભાઈ પટેલ, ગજાભાઈ ચૌધરી, નારણભાઈ ચૌધરી અને શામળાભાઈ પટેલની વરણી કરવામાં આવી છે.

ર.સે.વા.ગુ.- ૩૦।૭।૯૭

'સાધના' સાપ્તાહિકને સુવર્ણજયંતીવર્ષ પ્રવેશની શુભેચ્છા

## ધી અર્બુદા ક્રેડિટ કો. ઑપ. સોસાયટી લિ., લાખણી

(રજિ. નં. સે/૩૧૯૧૭ Dt. ૧૦-૫-૨૦૦૦
ગણપતિ ટ્રેડિંગ કું., મુ. પો. લાખણી
તા. ડીસા - ૩૮૫ ૫૪૧. ફોન : ૫૬૨

૧. સભ્ય ડૉ. પ્રતાપભાઈ ઓખાભાઈ પટેલ
૨. સભ્ય નર્મદભાઈ રામભાઈ પટેલ
૩. સભ્ય કાળાભાઈ જેવતાભાઈ પટેલ
૪. સભ્ય વાલજીભાઈ હરજીભાઈ પટેલ
૫. સભ્ય ગગદાસભાઈ નાગજીભાઈ પટેલ
૬. સભ્ય ભેમાભાઈ કરશનભાઈ પટેલ
૭. સભ્ય પુજાભાઈ નાગજીભાઈ પટેલ
૮. સભ્ય રામાભાઈ વિરાભાઈ પટેલ

ડુંગરાભાઈ વનાજી પટેલ — વા. ચેરમેનશ્રી
નાનજીભાઈ તેજાભા — ચેરમેનશ્રી

લાલજીભાઈ કાળાભાઈ પટેલ
મંત્રીશ્રી

૧૭ ડિસેમ્બર
સાધના ૨૦૦૨ ... ૨૫

## બનાસકાંઠા વિદ્યાર્થી મંડળ પાટણ દ્વારા જીલ્લાના શૈક્ષણિક પ્રશ્નોની રજુઆત

પાટણ

બનાસકાંઠા વિદ્યાર્થી મંડળ પાટણના પ્રમુખ શ્રી લાલજીભાઈ કે. ચૌધરી એક અખબારી યાદીમાં જણાવે છે કે તેમના મંડળ દ્વારા ગુજરાતની અગાઉની રાષ્ટ્રીય જનતા પાર્ટીની સરકારના તાત્કાલિક મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા અને તત્કાલિન ગૃહમંત્રીશ્રી વિપુલ ચૌધરી પાટણ આવેલા ત્યારે બનાસકાંઠા જિલ્લાના શૈક્ષણિક પ્રશ્નો અંગે આવેદનપત્ર આપીને રજુઆતો કરેલ હતી. તે પ્રશ્નોમાં બનાસકાંઠામાં બાલગુરૂની ભરતી કરવી, જિલ્લાના કેટલાક તાલુકાઓમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ખોલવી, થરાદ-વાવ-ધાનેરા-દિયોદર તાલુકાઓમાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજો શરૂ કરવા તથા જિલ્લામાં મેડિકલ અને એન્જિનિયરીંગ કોલેજ શરૂ કરવી વગેરેનો સમાવેશ થાય છે. આ રજુઆતના અનુસંધાનમાં ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ અધિકારી કક્ષાએ તેની જાણ કરવામાં આવી છે. અને આ પ્રશ્નો દુર કરવા અંગે ભલામણ કરવામાં આવેલ છે. આ કાર્યવાહીના લીધે જિલ્લાના આ પ્રશ્નો ઝડપથી ઉકેલાશે તેવી આશા મંડળ અનુભવે છે.

## નિવેદન

આથી હું બનાસકાંઠા જીલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રીશ્રી તરીકે રતુભાઈ ...

## વિમોચન સમારોહ

આપણે આંજણા

સ્નેહીશ્રી,........................................................................

ગુજરાતી સાહિત્યના યુવા લેખક ડૉ.માસુંગ ચૌધરી સંપાદિત " આપણે આંજણા " પુસ્તકના વિમોચન સમારોહમાં ઉપસ્થિત રહેવા આપને સ્નેહ પૂર્વક નિમંત્રણ પાઠવીએ છીએ.

:: સમારોહના અધ્યક્ષ ::
શ્રી શીવાભાઈ ભૂરીયા
(ધારાસભ્યશ્રી, દિયોદર)

:: વિમોચન ::
શ્રી કનુભાઈ આચાર્ય
(પ્રસિધ્ધ લોકસાહિત્યકાર)

:: મુખ્ય મહેમાન ::
શ્રી બાબરાભાઈ એન.ચૌધરી
(પ્રમુખ : લાખણી તાલુકા ભાજપ)
શ્રી હેમરાજભાઈ ડી.કાગ
(સભ્ય બ.કાં.જિલ્લા પંચાયત)

:: અતિથિ વિશેષ ::
શ્રી ચિરાગ પટેલ
(પ્રમુખ : આંજણા યુવક મંડળ, ગુજરાત)
ડૉ. બાબુ પટેલ
(લોક સાહિત્યના ઉંડા અભ્યાસુ)

:: પ્રસન્નતા ::
શ્રી નાંનજીભાઈ ટી.પટેલ
(ચેરમેન : લાખણી તા.ખ.વે.સંઘ)
શ્રી દલાભાઈ પી.પટેલ
(સરકારી વકીલ, ડીસા)

:: પ્રતિભાવ ::
ડૉ. માસુંગ ચૌધરી
(લેખક - પત્રકાર)

:: સંચાલન ::
શ્રી દાંનાભાઈ પટાર
(આચાર્ય : ચિભડા પે.કેન્દ્ર શાળા)

તારીખ : ૨૧-૧૨-૨૦૧૯ (શનિવાર)
સમય : બપોરે ૨:૦૦ કલાકે.

સ્થળ : શ્રી કે.કે.ભેદરૂ શૈક્ષણિક સંકુલ
L & T રોડ, (મેજાળી), લાખણી

:: નિમંત્રક ::
પ્રમુખ : લાલજીભાઈ કે. પટેલ
શ્રી કે.કે.ભેદરૂ (ભગત) ચેરી.ટ્રસ્ટ, લાખણી
મો.૯૪૨૮૧૩૬૩૯૧, ૬૩૫૨૪ ૬૦૦૩૯

લક્ષ્મી પ્રિન્ટીંગ, લાખણી મો.૯૭૧૨૮૬૪૩૬૪

દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, કર્ણાવતી - ૩૮૦ ૦૦૧.

આજીવન સહયોગ નિધિ વર્ષ ૨૦૦૨

કાચી પહોંચ નંબર Nº 006164 (સહયોગી માટે) તારીખ ૧૦/૨/૦૨

શ્રી પટેલ લાલજીભાઈ કાળાભાઈ તરફથી રૂપિયા ૧૦૦૦/-

અંકે રૂપિયા એક હજાર પુરા રોકડા આજીવનસહયોગ નિધિમાં રોકડા/ચેક/ડ્રાફ્ટ નંબર ..........

થી (બેંકનું નામ) .......... મળેલ છે. આભાર

નાણાં લેનારનું નામ મહિપતભાઈ ...

સહી ..........

આપના,

(મફતભાઈ પુરોહિત)
સંયોજકપ્રદેશ
ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ

(સુરેન્દ્રભાઈ પટેલ)
કોષાધ્યક્ષ
ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ

નોંધ :- આ માત્ર કાચી પહોંચ છે. પાકી પહોંચ પ્રદેશ દ્વારા સીધી આપને પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવશે.

વંદેમાતરમ્ - "ભારત માતા કી જય"

## હાર્દિક અભિનંદન



બાબરાભાઈ એન. ચૌધરી
ઉપપ્રમુખ
તાલુકા પંચાયત-થરાદ

આપશ્રી સણાવીયા સીટ ઉપરથી ભાજપના ઉમેદવાર તરીકે વિજેતા બન્યા અને ભારતીય જનતા પાર્ટીના મોવડી મંડળે આપશ્રીમાં વિશ્વાસ મુકીને થરાદ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ તરીકે વરણી કરતા બદલ આપને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ તેમજ આપ ઉત્તરોતર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ. લી.

**લાલજીભાઈ કાળાભાઈ પટેલ**
એલ.આઈ.સી. એજન્ટ
C/o ગણપતિ ટ્રેડીંગ કું.
૨૯, મહાત્મા ગાંધી માર્કેટયાર્ડ, લાખણી

**જેમલભાઈ જેઠાભાઈ પટેલ** (ઉદરાણાવાળા)
મંત્રીશ્રી, આસોદર જૂથ તે.ઉ.સ.મં.લી.
દુ.નં. ૮, મહાત્માગાંધી, માર્કેટયાર્ડ, લાખણી

તા. ૪/૨/૯૮

શ્રી લાલજીભાઈ કે ચૌધરી.
પ્રમુખશ્રી,
બનાસકાંઠા વિદ્યાર્થી મંડળ,
પાટણ. (ઉ.ગુ.)

આપનો અને આપના વિદ્યાર્થીઓનો અભિનંદન પત્ર મળ્યો. ખુબ આનંદ થયો. આપનો અને સમાજના અન્ય મિત્રોનો સાથ અને સહકાર મને આ ઘડીએ મળી રહે એવી અપેક્ષા સહ. આપની મારા પ્રત્યેની લાગણી બદલ આપનો ખુબ આભારી છું. આ ધર્મયુદ્ધમાં વિદ્યાર્થી મંડળનું યોગદાન ઇચ્છું છું.

સહકારની અપેક્ષા સહ.

સરનામું:
હરિભાઈ આ. ચૌધરી.
મુ.પો. જગાણા. તા. પાલનપુર. જિ.બ.કાં.
પીન ૪૧૬૪૮

લિ.
આપનો વિશ્વાસુ.
H. P. Chaudhary
(હરિભાઈ આ. ચૌધરી)

## બ.કાં. વિદ્યાર્થીમંડળ દ્વારા બાળ શિક્ષણ જાગૃત્તિ સભા યોજાઈ

પાટણ

પાટણ ખાતે બ.કાંઠા વિદ્યાર્થી મંડળની બાળ શિક્ષણ જાગૃતિ માટેની સભા યોજાઈ ગઈ. આ સભામાં બનાસકાંઠા વિસ્તારના પછાત શિક્ષણને જાગૃત કરવા માટે પાટણ ખાતે રહેતા વિદ્યાર્થીઓને બનાસકાંઠાના ગામડામાં ઘરે-ઘરોમાં, શેરીએ-શેરીએ ફરીને અભણ પ્રજાને સમજાવીને તેમનું બાળક શાળાએ જતું થાય તેવા અથાગ પ્રયત્નો કરવાની બ.કાંઠા વિદ્યાર્થી મંડળ દ્વારા વ્યૂહરચના ઘડવામાં આવી છે. શિક્ષણ જાગૃતિ માટે ૨૦૦૦ કોપીઓ છપાવીને વિદ્યાર્થીઓને વિતરણ કરવામાં આવી હતી. જે પોતાના ગામડામાં જઈને શિક્ષણનો વ્યાપ વધારે એવી બનાસકાંઠા વિદ્યાર્થી મંડળના પ્રમુખ લાલજીભાઈ ચૌધરી અને મંત્રી શ્રી હિરસિંહ એ વિદ્યાર્થીઓ પાસે અપેક્ષા સેવી છે.

બનાસકાંઠા જીલ્લામાં બાલગુરુની ભરતીનો સ્ટે પાછો ખેંચાઈ ગયો હોવા છતાં બાલગુરુની ભરતી ચાલુ થઈ નથી તો ભાજપની સરકાર ઝડપી બનાસકાંઠાના સ્થાનીક વિદ્યાર્થીઓની ભરતી કરે તેવી બનાસકાંઠા વિદ્યાર્થી મંડળની અભિલાષા છે.

રાજસ્થાન ૪/૪/૯૮

વિવિ વર્તમાન

~~ગુજરાત ના સમાચાર~~

## પાટણમાં રચાયેલ બનાસકાંઠા વિદ્યાર્થી મંડળ....

તા. ૧૩/૭/૯૭ના રોજ પાટણ ખાતે બનાસકાંઠાના શાળા તથા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં રહે છે. જે દ્વારા બનાસકાંઠા વિદ્યાર્થી મંડળની રચના કરવામાં આવી છે. આ મંડળનો ઉદ્દેશ બનાસકાંઠાના વિદ્યાર્થીઓને લગતા પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો છે વિદ્યાર્થીઓને પાટણ ખાતે રહેવાની તથા એડમિશન માટેના પ્રશ્નોના ઉકેલ લાવવા માટે મંડળની રચના કરાઈ છે.

### મંડળના હોદ્દેદારો તરીકે

[૧] પ્રમુખ : ચૌધરી લાલજીભાઈ કાળુભાઈ (લાખણી તા. ડીસા). [૨] ઉપપ્રમુખ : ચૌધરી જયંતિભાઈ કાળુભાઈ (ખોડા તા ડીસા), [૩] મંત્રી : રઠોડ હિરસિંહ લાલજીભાઈ (જસરા તા ડીસા), [૪] સહમંત્રી : ચૌધરી ઈશ્વરભાઈ જીવરાજભાઈ (કુમાર તા. ધાનેરા) ઉપરાંત કમિટિમાં પાંચ સભ્યોને નિયુક્ત કરાયા છે.

મેરાગુજરાત ૨૪/૭/૯૭

તા. ૮/૧૨/૨૦૦૭ રખેવાળ

## બનાસકાંઠા વિદ્યાર્થી મંડળ પાટણનું સ્નેહમિલન યોજાશે

ડીસા

પાટણ ખાતે અભ્યાસ કરતા બનાસકાંઠા જિલ્લાના વિદ્યાર્થીઓ દ્વારા સ્થાપિત બનાસકાંઠા વિદ્યાર્થી મંડળ પાટણનો સ્નેહમિલન કાર્યક્રમ તા.૯-૧૨-૦૭ના રોજ યુનિવર્સિટી સામે આવેલ સિંધવાઈ માતાજીના મંદિર ખાતે યોજાશે.

બનાસકાંઠા જિલ્લાના વિદ્યાર્થીઓ સંગઠીત થઈ શૈક્ષણિક તેમજ અન્ય સમસ્યાઓ બાબતે ચર્ચા- વિચારણા કરી તેનુ નિરાકરણ લાવવાના હેતુથી આ સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે.

બનાસકાંઠા વિદ્યાર્થી મંડળની રચના ૧૯૯૭ માં પાટણ ખાતે અભ્યાસ કરતો વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી મંડળના માજી પ્રમુખ લાલજીભાઈ કે. પટેલે (લાખણી તા.ડીસા) જણાવ્યુ હતુ કે બનાસકાંઠા જિલ્લાના વિદ્યાર્થીઓને પાટણમાં રહેવા જમવાની સમસ્યા કે શૈક્ષણિક પ્રશ્નોના નિરાકરણ માટે ઉપરોકત મંડળની રચના કરવામાં આવી હતી જે મંડળ થકી અનેકવાર વિદ્યાર્થીઓના પ્રશ્નો અંગે યુનિવર્સિટી કે અન્ય શાળા કોલેજોના વહીવટી વિભાગ સમક્ષ રજૂઆત કરી નિરાકરણ મેળવેલ છે. હાલમાં પાટણ ખાતે યુનિવર્સિટી અન્ય શાળા કોલેજોના મળી આશરે ૮૦૦ થી ૧૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે અને મંડળીની રચનાથી આજદિન સુધી અભ્યાસ કરી ચુકેલા વિદ્યાર્થીઓ જે હાલમાં નોકરી- ધંધામાં વ્યસ્ત છે તેમની યાદ તાજી થાય અને તેઓ ભેગા મળી હાલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના પ્રશ્નોને વાચા આપી શકે તે હેતુથી સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ડીસા તાલુકાના લાખણી ગામના વતની લાલજીભાઈ પટેલે ૧૯૯૭માં પાટણ ગાયત્રી સોસાયટીની સ્થાપના કરી જિલ્લાના વિદ્યાર્થીઓ સાથે મળી બનાસકાંઠા વિદ્યાર્થી મંડળની રચના કરી હતી તેઓએ લાખણીમાં આર.એસ.એસ.ની શાખા પણ શરૂ કરી છે. જ્યારે ધી અર્બુદા ક્રેડીટ કો.ઓફ સોસાયટી લી. લાખણીના જવાબદાર મંત્રી તરીકેની ફરજ બજાવી ચુકેલ લાલજીભાઈ શિવનગર પ્રા.શાળાનું પણ નિર્માણ કર્યુ છે તેમજ અર્બુદા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના મંત્રી પણ છે.

બ.કાં. જિલ્લાના વિદ્યાર્થી મંડળની મિટીંગ યોજાઇ

# આપણે જીલ્લો છોડીને પાટણ કેમ આવવુ પડે છે ?

પાટણ,
પાટણ ખાતે તા.૭-૯-૯૭ને રવિવારના રોજ બ.કાં.વિદ્યાર્થી મંડળની એક જનરલ સભા મળી હતી. આ સભામાં બ.કાં.ના મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આ મીટીંગ ભરવાનો ઉદેશ એજ કે બ.કાં.ના વિદ્યાર્થીઓ એક બીજાથી પરિચિત થાય તથા ભાઇ-ચારાની ભાવના જાગે આ મંડળમાં પ્રમુખશ્રી લાલજીભાઇ ચૌધરીએ બ.કા.ના શિક્ષણ અંગે ખેદ કરતાં જણાવ્યું હતું કે, મહેસાણાના શિક્ષણ કરતાં આપણો જીલ્લો શૈક્ષણિક દ્રષ્ટિએ કેટલો પછાત છે તે આપણને જીવતુ જાગતુ ઉદાહરણ જોવા મળે છે ત્યારે આપણે પાટણ ખાતે ઉચ્ચ અભ્યાસ અર્થે આવવુ પડે છે. આપણા જીલ્લામાં ૫ કોલેજો છે જયારે મહેસાણામાં ૧૦ કોલેજો છે. તે સીવાય એન્જિનીયર કોલેજો, મેડીકલ કોલેજો પણ મહેસાણામાં છે. હવે શિક્ષણ સુધારવા માટે જાગૃત થવું પડશે. જો આપણે જાગૃત થઇશું તો જ શિક્ષણ જગતમાં પરિવર્તન લાવી શકીશું આજે શિક્ષણ સુધારવા માટે સરકાર વાતો કરે છે. પરંતુ તેનો અમલ થતો નથી. પરંતુ જો વિદ્યાર્થી મંડળ ધારે તો જોત-જોતામાં કોઇપણ કાર્ય કરી શકે છે. એક માણસની રંજૂઆત આજે કોઇ સાંભળવા તૈયાર નથી. ત્યારે બધા સાથે મળી મોટા યુનિયન તરીકે બહાર આવીશું ત્યારે જ આપણા પ્રશ્નો હલ થશે જયારે આપણે કોમવાદ, જાતિવાદ અને વિસ્તારવાદ દૂર કરીને એક થઇશું ત્યારે જરૂર આપણા પ્રશ્નોનું નિરાકરણ લાવી શકીશું.

- હમલોગ - ૧૧-૯-૯૭

# બનાસકાંઠામાં ભા.જ.પ.ની ટીકીટ હરીભાઇ પટેલને જ મળવી જોઇએ : લાલજીભાઇ ચૌધરી

પાટણ. તા. ૯
પાટણ તા. ૨/૧/૯૮ના રોજ પાટણ ખાતે રહેતા વિદ્યાર્થીઓની મુલાકાત લીધી હતી. આ દરમિયાન વિદ્યાર્થીઓની લોક લાગણી હતી કે બનાસકાંઠા જીલ્લામાં ભા.જ.પ.ની ટીકીટ હરીભાઇ પટેલને જ મળવી જોઇએ. જો હરીભાઇને ટીકીટ નહીં મળે તો યુવા શકિતની તાકાત નજીકના સમયમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓમાં વિદ્યાર્થીઓ બતાવશે તેમાં કોઇ શંકાને સ્થાન નથી. કારણકે આજે યુવા શકિત ધારે તે કરી શકે છે. આજે પાટણમાં ૪૦૦ વિદ્યાર્થીઓ રહે છે. તથા ૩૦૦ વિદ્યાર્થીઓ અપ ડાઉન કરે છે તથા ૩૦૦ થી ૪૦૦ વિદ્યાર્થીઓ ભુતકાળમાં અભ્યાસ કરી ચૂકેલા છે તો આ ૧૦૦૦ વિદ્યાર્થીઓનું સંગઠન છે તો ઓછામાં ઓછા એક વિદ્યાર્થી પચીસ (૨૫) વ્યકિતઓનો સંપર્ક કરીને સમજાવી શકવાની તમન્ના ધરાવે છે. તો એક હજાર વિદ્યાર્થીઓ ૨૫,૦૦૦ વ્યકિતઓને પોતાના સંગઠનમાં લઇ શકે તેવી તાકાત ધરાવે છે. તો બનાસકાંઠાના ૩૦૦ થી ૪૦૦ ગામડામાં ખુલ્લી રીતે પ્રચાર કરી શકે તેવો જુસ્સો ધરાવે છે. આ બધા વિદ્યાર્થીઓનો (યુવાનીયાઓ) મત છે કે હરીભાઇને ટીકીટ મળશે અને આસાનીથી જીતી શકશે. પોતે જગાણા ગામની સંકુલ ટ્રસ્ટના પ્રમુખ છે અને તેઓ શિક્ષણ જાગૃતીના હિમાયતી છે. અને તેઓના કાર્યો બધાજ વિદ્યાર્થીઓને સંતોષે એવા થયા છે. તેથી તેઓ બનાસકાંઠાના પછાત શિક્ષણ પ્રત્યે ચાંપતી નજરે ધ્યાન આપીને શિક્ષણ સુધારો કરી શકશે તેવી બધાજ વિદ્યાર્થીઓની આશા છે.

## શુભેચ્છા સંદેશ

લાલજીભાઈ કે. પટેલ
(લાખણી)
બ.કાં. વિદ્યાર્થી મંડળ પાટણ - પ્રમુખ
તા. ૧૭-૫-૯૭

માનનીય શ્રી,
**રાજેન્દ્રભાઈ જોષી**

આપશ્રી ''વિજય એક્સપ્રેસ'' બનાસકાંઠાના પાટનગરથી તા. ૯-૫-૯૭ને અખાત્રીજના શુભ તહેવારથી પુન: દૈનિક પ્રગટ કરી રહ્યા છો તે જાણીને અમને ખુબ ખુબ આનંદ થયો છે. ''વિજય એક્સપ્રેસ'' છેલ્લા અઠવાડિયાથી નિયમિતપણે વાંચન કરું છું, જેમાં ''હેડીંગ સમાચાર, તંત્રી લેખ, ટચુકડી કોલમો'' વધુ ઉઠાવ અને વધુ તટસ્થાથી લખો છો તે પ્રસંશનીય છે.

આપશ્રીનું ભગીરથ કાર્ય સફળતાના શિખરે અને યશસ્વી નિવડે એવા ''હૃદયપૂર્વક'' આપને અમારા કોટિ કોટિ વંદન.

આપનો વિશ્વાસુ
લાલજીભાઈ પટેલ

## અખીલ આંજણા સંગઠન
## લાખણી-વિભાગ

પાવતી નં. ______

નામ : ચૌધરી લાલજીભાઈ કે ગામ : લાખણી

તારીખ : ૧૩/૬/૯૯

| અ.નં. | વિગત | રકમ રૂા. |
|---|---|---|
| ૧. | સભ્ય ફી | ૨૦૧- |
| ૨ | દાખલ ફી | ૧૧- |
| ૩ | અનામત | |
| ૪ | દાન | |
| | કુલ | ૨૧૨- |

સભાસદની સહી


મંત્રી,
અખીલ આંજણા સંગઠન
લાખણી વિભાગ






## હાર્દિક અભિનંદન

શ્રી શંકરભાઇ ચૌધરીને સ્વામી વિવેકાનંદ એવોર્ડ એનાયત થયો તે બદલ તથા ભાજપ દ્વારા સ્વામી રૂપપુરીજીને બક્ષીપંચ મોરચા પ્રદેશ ઉપાધ્યક્ષ, શ્રી હરેશભાઇ જાનીને




રાષ્ટ્રીય કારોબારીમાં સ્થાન મળતાં અને ડૉ. ધર્મેશભાઇ રાવલને ડીસા તાલુકા ડૉ. સેલના સહકન્વીનર નીમવા બદલ હાર્દિક અભિનંદન.

લિ.

બાબરાભાઇ એન. પટેલ
યુવા ભાજપ પ્રમુખ, થરાદ તાલુકો
અભાભાઇ જી. પટેલ
સરપંચશ્રી, લાખણી
શ્રવણકુમાર કે. દવે
પત્રકાર (જસરાવાળા)

શ્રી દાંનાભાઇ જી. પટેલ
સુધા મેડીકલ, લાખણી
શ્રી જીવણાભાઇ પટેલ
સરસ્વતી પેટ્રોલપંપ, લાખણી
શ્રી ચેલાભાઇ પટેલ
બિલ્ડર, લાખણી

શ્રી વેલાભાઇ એન. રાજપુત
યુવા જિલ્લા ભાજપ કારોબારી સભ્ય
શ્રી લાલાભાઇ કાળાભાઇ પટેલ
ગણપતિ ટ્રેડીંગ, લાખણી
શાહ રમેશકુમાર ચંદુલાલ
કાર્યકર, ભાજપ વાસણા

નવા નવા મડળા [illegible] કરવાથી સામાજીક | [illegible]

# વિદેશી દારૂની મહેફીલ માટે "બાર" ની સેવાઓ માટે માઉન્ટ આબુ જવાની જરૂર નથી લાખણી પહોંચી જાઓ

લાખણી, તા. ૨૧

ડીસા તાલુકા અને આગથળા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ લાખણી ગામ ટૂંક સમયમાં છાંટો પાણી કરનાર લોકો માટે માઉન્ટ આબુની બરોબરી કરે તેવું પર્યટન ધામ બની જાય તેવી તમામ સગવડો આ ગામમાં ઉપલબ્ધ હોવાનું સરેઆમ ચર્ચાઇ રહ્યું છે. અસામાજીક તત્વો દેશી અને વિદેશી દારૂનું બેફામ વેચાણ કરી રહયા છે. દારૂડીયા ધોળા દિવસે નશામાં ચકચુર થઇને રખડતા લોકોને હેરાન પરેશાન કરી રહયા છે. આ તમામ હરકતો પ્રજા ખુલ્લી આંખે જોઇ રહી છે. પરંતુ જે લોકોને આં બાબતની તપાસ કરવાની છે અને આ બદી રોકવા સામાન્ય પ્રજાના પરસેવાનો કમાણીમાંથી પગાર મેળવે છે તે લોકો આંખો બંધ કરીને બેઠા છે અને આંખો બંધ કરવાની કિંમત રૂપે ખીસ્સાનું વજન ભારે કરી રહયા છે.

લાખણીમાં સરેઆમ વેચાતા દેશી અને વિદેશી દારૂ માટે આગથળા પોલીસ સ્ટેશનના અધિકારી અને નશાબંધી અને આબકારી ખાતાના પી.એસ.આઇ. જવાબદાર છે નશાબંધી અને આબકારીને પાલનપુર કચેરીના પી.એસ.આઇ. ના તાબા હેઠળ ડીસા તાલુકો હોવાનું પોલીસ તંત્ર જણાવે છે. તે જો સત્ય હોય તો પાલનપુર ખાતેના કચેરીના પી.એસ.આઇ. શ્રીએ સત્વરે આ બાબતે પગલાં ભરવા જોઇએ અને આવા ખુલ્લેઆમ રીતે ચાલતા ગોરખધંધાઓ સત્વરે બંધ થાય તે માટે પગલાં ભરવા જોઇએ.

લાખણી બસ સ્ટેન્ડ નજીક જ દારૂનાં અડ્ડો ચાલે છે ત્યાંથી દારૂ પીને મદમસ્ત બનેલા લોકો બસ સ્ટેન્ડ ઉપર ઉભેલા મુસાફરોને પરેશાન કરે છે. તેમજ બહેન દીકરીઓ તરફ બીભત્સ ચેનચાળા કરતા નજરે પડે છે. જેના કારણે ઘણીવાર બોલાચાલી અને મારા મારીના બનાવો બને છે. આવા દારૂડીયા સમગ્ર બસ સ્ટેન્ડ વિસ્તારમાં દાદાગીરી કરતા નજરે પડે છે. જેના કારણે આ વિસ્તારના વેપારીઓના વેપાર ઉપર ઘણી જ ખરાબ અસર થાય છે.

આ બાબતે જીલ્લા પોલીસ વડા શ્રી રાહુલશર્માએ સત્વરે આગથળા પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ. અને આ વિસ્તારના નશાબંધી અને આબકારી વિભાગના પી.એસ.આઇ.ને કડકમાં કડક પગલાં લઇને આ બદી નાબુદ કરવા માટે આદેશ આપવો જોઇએ. અથવા આ બંને પી.એસ.આઇ.ના સ્થળાંતર કરી યોગ્ય અને નિષ્ઠાવાન અધિકારીઓને આ પદભાર સોંપવો જોઇએ.

---

## બનાસકાંઠા વિદ્યાર્થી મંડળ, પાટણ

### સ્નેહમિલન

પ્રિય બંધુઓ,

સવિનય સાથે જણાવવાનું કે, આપણા જિલ્લામાંથી પાટણ ખાતે અભ્યાસ અર્થે આવવું એ એક ગર્વની બાબત છે. આજે આધુનિક અને ટેક્નોલોજી યુગમાં ઉચ્ચ શિક્ષણ મેળવીને, આપણી ઉજ્જવળ કારકિર્દી બનાવવીએ આપણી સૌની પ્રથમ ફરજ છે. આપ સર્વ એક જિલ્લાના વતની હોવાથી કોઈ શૈક્ષણિક સમસ્યાઓ સાથે મળીને નિરાકરણ માટે એક સંગઠનની રચના કરવી એ આપણા જિલ્લાના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની ફરજ છે. આ અનુસંધાને આપ સર્વે આ મંડળના સ્નેહમિલન કાર્યક્રમમાં ઉપસ્થિત રહો અને સંગઠીત બનો એ હેતુથી નીચે મુજબનો કાર્યક્રમ નક્કી કરેલ છે.

: સ્થળ :

સિંધવાઈ માતાજી મંદીર, રાજમહેલ રોડ, યુનિવર્સિટી સામે,
પાટણ (ઉ.ગુ.) - ૩૮૪ ૨૬૫

: તારીખ/સમય :

તા. ૯-૧૨-૨૦૦૭ સમય : બપોરે ૧-૦૦ કલાકે

સંપર્ક : રાજુસિંગ-પાટણ. મો. ૯૯૭૯૧ ૨૨૬૬૮

:: નિમંત્રક ::

લાલજીભાઈ કાળાભાઈ પટેલ
માજી પ્રમુખ, બનાસકાંઠા વિદ્યાર્થી મંડળ, પાટણ
મો. ૯૪૨૨૧ ૩૬૩૯૧, ફોન : (ઓ.) ૦૨૭૪૪-૨૫૬૨૦૭

---

લાખણી મુકામે દશેરાના દિવસે

# આર.એસ. એસ. ભીલડી તાલુકા દ્વારા શસ્ત્ર પુજનનો કાર્યક્રમ યોજાયો



લાખણી

લાખણી ગામમાં વિજયા દશમીના દિવસે શસ્ત્ર પુજનનો કાર્યક્રમ યોજાયેલ તથા પથ સંચલન લાખણી ગામની શાળા નં. ૨ માંથી નીકળીને મોબાઈલ રથ સાથે શસ્ત્રી તથા ભારત માતાના ફોટાને પુજન થાય તે માટે રથયાત્રા ગામમાં વિવિધ સ્થળોએ ફેરવવામાં આવેલ જેની શસ્ત્ર પૂજનનો ગામ લોકોએ મોટી સંખ્યામાં લાભ લીધેલ અને શસ્ત્રપુજન કરી હિન્દુ ધર્મની પરંપરાને જાળવી રાખવાનો ઉત્તમ પ્રકારનો પ્રયાસ કરવામાં આવેલ જેની બધા લોકોને ખાસ નોંધ લીધેલ આ પ્રસંગે એકત્રીસ કાર્યકરો તથા ગામના આશરે ૫૦૦ જેટલા લોકોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમનું આયોજન ભીલડી તાલુકા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા કરવામાં આવેલ.

---

ક્લાસ રાખવામાં આવેલ. | પ્રવર્તે છે.

# લાખણીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું તાલુકા સ્તરનું સંમેલન યોજાયું



લાખણીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું તાલુકા કક્ષાનું સંમેલન યોજાયું તે પ્રસંગની તસ્વીર.
(અહેવાલ : નવીન મોરખીયા, તસ્વીર : તોરણ સ્ટુડીયો, લાખણી)

(ખબરપત્રી) લાખણી

રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છેલ્લા સાત દાયકાથી સાધના કરી રહ્યો છે. સંઘનું કાર્ય દેશના દરેક ગામ સુધી લઈ જવા તેમજ હિંદુ શક્તિને જાગૃત કરવા ગુજરાતના દરેક તાલુકામાં એક દિવસીય સંમેલન યોજવાનું નક્કી કરાયું છે. તે અંતર્ગત તા. ૧૮-૧-૦૪ ના રોજ લાખણી પ્રાથમિક શાળામાં સંઘનું તાલુકા સ્તરનું સંમેલન ગામના ઉપ સરપંચ અને સામાજીક કાર્યકર બાદરસિંહ વાઘેલાના અધ્યક્ષસ્થાને યોજાયું હતું. જેમાં વકતા તરીકે ઉપસ્થિત સિદ્ધપુર તાલુકા ધર્મ જાગરણ પ્રમુખ અને સિદ્ધપુર શાખાના સ્વયં સેવક શ્રી રમેશભાઈ જોશીએ ઉપસ્થિત ગ્રામજનોને સંઘની કામગીરી જણાવી એકતા પર ભાર મુકયો હતો. ધાનેરા શાખાના સ્વયંસેવક અને પાલનપુર જિલ્લાના સંઘના જીલ્લા કાર્યવાહક કૈલાસભાઈ ત્રિવેદીએ પણ હિંદુશક્તિને જાગૃત થવા હાકલ કરી હતી.

મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનો સંઘના સ્વયંસેવકોના લાઠી દાવ અને પ્રવચનો સાંભળી પ્રભાવિત થયા હતા.

# લાખણી ખાતે શ્રી શિવનગર (લાખણી)
# પ્રા. શાળાના નવિન મકાનનું ઉદ્‌ઘાટન



લાખણી શિવનગર ખાતે જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી મગનભાઈ દેસાઈ અને ડીસા તા.પં.પ્રમુખ શ્રી અગરાજી વાઘેલાના હસ્તે શાળાના ઓરડાનું ઉદ્‌ઘાટન કરાયું તે વેળાની તસ્વીરમાં શાળાના ઉપસ્થિત મહાનુભાવો નજરે પડે છે.
(અહેવાલ : નવીનભાઈ મોરખીયા, તસ્વીર-કાંતિલાલ ગજ્જર-લાખણી)

લાખણી (ખબરપત્રી)

ડીસા તાલુકાના લાખણી મુકામે તા. ૧૨-૨-૦૪ ના રોજ અંતરિયાળ વિસ્તારમાં આવેલ શિવનગર પ્રા.શાળાના નવિન મકાનનું ઉદ્‌ઘાટન શ્રી મગનભાઈ દેસાઈ (શિક્ષણ સમિતિના ચેરમેન)એ કર્યું હતું. આ પ્રસંગે શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી મગનભાઈ દેસાઈ ઉપરાંત બનાસ બેંકના ડીરેકટરશ્રી ભગવાનભાઈ દેસાઈ, ડીસા તાલુકા પંચાયતના પ્રમુખશ્રી અગરાજી વાઘેલા, જીલ્લા સદસ્ય શ્રી હેમરાજભાઈ પી.પટેલ, જીલ્લા સદસ્યશ્રી બાબરાભાઈ ચૌધરી, કારોબારી ચેરમેન શ્રી દલાભાઈ પટેલ, કેળવણી નિરીક્ષકશ્રી ભરતભાઈ ચૌધરી, બી.આર.સી.શ્રી સાધુભાઈ, સી.આર.સી.શ્રી નાગજીભાઈ, ભગવાનસીંગ બી.વાઘેલા, લાખણી ગામના સરપંચ, માજી સરપંચ તથા ડેપ્યુટી સરપંચ, લાખણી હાઈસ્કૂલના આચાર્ય શ્રી બી.કે. રાવલ, જગતસિંહજી એલ.રાઠોડ તથા શિવનગર વિસ્તારના આજુબાજુના ગ્રામજનો-આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના તેમજ સ્વાગત ગીત રજુ કરાયું હતું અને ગામના આગેવાનો દ્વારા મહેમાનોનું ફુલહારથી સ્વાગત કર્યા બાદ શ્રી મગનભાઈ દેસાઈએ દીપ પ્રાગટ્ય કરી રીબીન કાપીને ઓરડાને ખુલ્લો મુકયો હતો. ત્યારબાદ જમીનના દાતા શ્રી જોધાભાઈ બેચરાભાઈ રાજપૂતનું જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી મગનભાઈએ શાલ અને ફુલહારથી બહુમાન કર્યું હતું.

આ પ્રસંગે ચેરમેન શ્રી મગનભાઈ દેસાઈએ એક ઓરડો અને એક શિક્ષક આપવાની જયારે અગરાજી વાઘેલાએ લાખણીથી શિવનગર પ્રા.શાળા સુધીના રોડનું કામ કરાવવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગને સફળ બનાવવા નવિનભાઈ મોરખીયા, નાનજીભાઈ ટી.પટેલ, લાલજીભાઈ પટેલ તથા શિવનગરના વાલી મંડળે જહેમત ઉઠાવી હતી. જયારે ગામ લોકો તરફથી દાતાઓએ રોકડ રકમ તથા ભૌતિક સાધનોની પણ મોટા પ્રમાણમાં જાહેરાત કરી હતી. નાગજીભાઈ પટેલ (સી.આર.સી.)તથા પે.કેન્દ્રના આચાર્યશ્રીએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ૐ

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ભીલડી તાલુકો
## તાલુકા સંમેલન
## જાહેર આમંત્રણ

આત્મીય બંધુ/ભગિની, ____________

સપ્રેમ નમસ્કાર,

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંઘચાલક મા. શ્રી માધવરાવ સદાશીવરાવ ગોલવલકર (પ.પૂ.શ્રી ગુરૂજી)નું જન્મ શતાબ્દી વર્ષ - ૨૦૦૬ માં આવી રહ્યું છે. પ.પૂ. શ્રી ગુરૂજીના જન્મ શતાબ્દીની ઉજવણીનો મુખ્ય આયામ સંઘકાર્ય અને રાષ્ટ્રકાર્યની અવિરત વૃદ્ધિજ હોઈ શકે. પ્રત્યેક ગામમાં રાષ્ટ્ર માટે કાર્ય કરનારા લોકોનો એક સમૂહ ઉભો થાય એ અપેક્ષા અને પ્રયત્ન હોઈ શકે. આ અપેક્ષાની પૂર્તિના ભાગરૂપે આપણાં પ્રાંતમાં બધાંજ તાલુકામાં તાલુકા સંમેલનનું આયોજન થયેલ છે.

આપણાં તાલુકામાં પણ તાલુકા સંમેલનનો આયોજન થયેલ છે. જેના જાહેર કાર્યક્રમમાં તાલુકાના રાષ્ટ્રપ્રેમી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હિન્દુ શક્તિનું દર્શન કરાવીએ. જાહેર કાર્યક્રમમાં મિત્રો, સગાસબંધી સાથે ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ છે.

| | |
|---|---|
| સ્થાન : | શ્રી એચ.વી. વાલાણી હાઈસ્કૂલ, ભીલડી. |
| દિનાંક : | ૨૬-૧૨-૨૦૦૪, રવિવાર |
| સમય : | બપોરે ૧૨-૦૦ થી સાંજે ૫-૦૦ કલાકે |
| જાહેર કાર્યક્રમ : | બપોરે ૩-૩૦ થી ૫-૦૦ કલાકે |

નોંધ : સમય કરતાં ૧૦ મિનિટ વહેલા આવવું.
સ્વયંસેવકોનું પથસંચલન ૩-૦૦ કલાકે ગામની વિવિધ શેરીઓ પરથી પસાર થશે તો તેને જોવા અને સ્વાગત માટે ઉપસ્થિત રહી શકો છો.

''દેશ હમેં દેતા હૈ સબ કુછ,
હમ ભી તો કુછ દેના સીખેં.''

ભવદીય
**લાલજીભાઈ પટેલ**
(તાલુકા કાર્યવાહ, ભીલડી)

# આંજણા ટાઈમ્સ

| | | |
|---|---|---|
| તંત્રી | : | અરવિંદભાઈ પટેલ - ૨૨૩૩૨૨ |
| તંત્રી | : | દશરથ ચૌધરી - (મો.) ૯૮૨૫૭ ૫૦૬૪૩ |
| વડગામ | : | દિનેશ ચૌધરી - (મો.) ૦૨૭૪૨ ૩૧૦૫૪૦ |
| દિઓદર | : | શૈલેષ ચૌધરી - (મો.) ૯૪૨૬૫ ૫૯૦૩૨ |
| પાલનપુર | : | જશવંતભાઈ જેગોડા - (મો.) ૯૮૨૫૫ ૩૮૨૯૮ |
| | | હરેશ ચૌધરી - (મો.) ૯૮૭૯૦ ૭૯૯૬૬ |
| ભીલડી | : | લાલજીભાઈ ચૌધરી - ૨૩૩૬૪૧ |
| ડીસા | : | નરસિંહભાઈ ચૌધરી (ચૌધરી ચા) - ૨૨૨૬૩૮ |
| ધાનેરા | : | ધનજીભાઈ ચૌધરી - (મો.) ૯૪૨૬૩ ૦૪૧૩૨ |
| | | જેરૂપભાઈ પટેલ - ૨૧૧૦૯૬ |
| થરાદ | : | વિરજીભાઈ પટેલ |
| રાધનપુર | : | અજમલભાઈ ચૌધરી - પી.પી. ૨૭૧૩૨૭ |
| | | પવલેશભાઈ પટેલ - (મો.) ૯૮૨૫૮૨૦૮૯ |
| રાહ | : | |
| દાંતીવાડા | : | દરઘાભાઈ ચૌધરી - ૨૭૯૨૦૨ |
| કાંકરેજ | : | ડાહ્યાભાઈ પીલીયાતર - (મો) ૯૪૨૬૩ ૩૫૭૯૮ |
| | | ગોવિંદભાઈ ચૌધરી - ૨૩૮૩૪૧ |
| લાખણી | : | લાલજીભાઈ ચૌધરી - ૨૫૬૨૦૭ |
| દાંતા | : | |
| અમીરગઢ | : | |

સમાજલક્ષી લેખ, સમાચાર, જાહેરાત અને લવાજમ તથા અંક બાંધવા માટે ઉપર મુજબ સંપર્ક કરવો.

**આંજણા ટાઈમ્સ**
સાતવાડી, ભાભર (બ.કાં.) ફોનઃ૨૨૩૩૨૨
વાર્ષિક લવાજમ રૂા. ૬૦/-

ઓક્ટોમ્બર - 2004

ॐ

**રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, ભીલડી તાલુકો**

**તાલુકા સંમેલન**

આત્મીય બંધુ/ભગીની, ........................................

સપ્રેમ નમસ્કાર.

રાષ્ટ્રના સર્વાંગિણ વિકાસના કાર્યમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ છેલ્લા સાત દશકાથી સાધના કરી રહ્યો છે. સંઘનું કાર્ય દેશના દરેક ગામ સુધી લઈ જવા માટે તેમજ હિન્દુશક્તિને જાગૃત કરવા માટે ગુજરાત પ્રાંતના દરેક તાલુકામાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (R S S) નું એક દિવસીય તાલુકા સંમેલન યોજવાનો નિર્ણય થયો છે. જે અંતર્ગત આપણા ભીલડી તાલુકાનું સંમેલન રાખવામાં આવેલ છે. જેમાં જાહેર કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

આ જાહેર કાર્યક્રમમાં આપ સૌને પરિવાર તથા મિત્રમંડળસહ કાર્યક્રમ નિહાળવા હાર્દિક આમંત્રણ છે.

**જાહેર કાર્યક્રમ સ્થાન**

દિનાંક : ૧૮-૧-૨૦૦૪, રવિવાર
સમય : સાંજે ૩-૦૦ કલાકે
સ્થાન : પ્રાથમિક શાળા નં-૨
મુ.લાખણી, તા.ડીસા (બ.કાં.)

**અધ્યક્ષ**
મા. શ્રી બાદરસિંહ ડી. વાઘેલા
(ઉપ સરપંચ લાખણી)

**વક્તા**
મા.શ્રી રમેશભાઈ જોષી
સિધ્ધપુર તાલુકા ધર્મ જાગરણ પ્રમુખ

ભવદીય
લાલજીભાઈ પટેલ
(તાલુકા કાર્યવાહ, ભીલડી
રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ)

# લાખણી પ્રા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા રેલી યોજાઇ



તસ્વીર લાખણી પ્રા. શાળીના મકાન આગળ પ્રા. શાળાના ...કાઓ કારગીલ શહીદોના માનની રેલી કાઢવા તૈયાર કરી રહ્યા તે ...રે ચડે છે. અહેવાલ :- લાલજીભાઈકે. પટેલ (લાખણી)

...તિનિધિ દ્વારા)લાખણી તા. ૧૮ કારગીલ મોરચે ભારતના ...નો કમર કસીને પાક. દળો ...રાત-દિવસ એક કરીને લડી ...છે. તથા તેઓની કુરબાની ...ને હોડમાં મૂકીને દેશ પ્રત્યે ...અદા કરવા તત્પર રહ્યા છે.- ... દળોને હંફાવવા માટે ...માંથી દેશપ્રેમનો જુવાળ ...ો છે. દેશના લોકો દ્વારા દેશની ...દે લડતા જવાનો પ્રત્યે સહાનુભૂતિ વ્યકત કરવા માટે રેલીઓ તથા શ્રદ્ધાંજલિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે દ્વારા સરહદે લડતા જવાનોને એક દિલાસો અપાવે છે. જેમાંથી આ દેશના ભૂલકાઓ (બાળકો) પણ દેશના શહીદો માટે રેલીઓનું આયોજન કરીને દેશ ભાવનાની પ્રતિતિ કરાવે છે. લાખણી પ્રા. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા એક રેલી આયોજન કરી તે લાખણી ગામની શેરીએ શેરીએ અનેક નારા સાથે વાતાવરણને ગુંજાશમય કરી દીધું હતું.

કારગીલ શહીદો માટે ફાળો એકત્ર કર્યો હતો. લાખણી ગ્રામજનો દ્વારા રૂા. ૧૯,૭૩૨=૦૦ તથા બાળકો દ્વારા રૂા. ૨૬૩૮=૦૦ નો ફાળો એકત્ર કર્યાની માહિતી પ્રા. શાળાના આચાર્ય શ્રી મણીભાઈ પટેલે આપી હતી. તથા એ રેલીનું સ્વાગત ભા. કિશાનના આગેવાનોએ લાખણી બસ-સ્ટેન્ડ પાસે સુતરની આટીથી કર્યું હતું. પટેલ નાનજીભાઈ ટી., બાદરસિંગ વાઘેલા, કિશાનસંઘ પ્રમુખ શ્રી રવજીભાઈ, નવીનભાઈ શાહ તેમજ અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ લાખણીની પ્રા. શાળા આચાર્ય મણીભાઈ પટેલ, આંબાભાઈ પટેલ, ગણેશભાઈ, ભેરાભાઈ, કનુભાઈ એ સારી એવી જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## બ.કાં. વિદ્યાર્થી મંડળની પાટણ ખાતે સ્થાપના

પાટણ,

બનાસકાંઠાના વિદ્યાર્થીઓના શિક્ષણના પ્રશ્નો અને અન્ય મુશ્કેલીઓના ઉકેલ માટે પાટણ ખાતે તા.૧૩-૭-૯૭ના રોજ બનાસકાંઠા વિદ્યાર્થી મંડળની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રસંગે બનાસકાંઠાના પાટણ ખાતે જુદી જુદી 'શાળા-કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

મંડળના હોદ્દેદારોની નીચે મુજબ વરણી કરવામાં આવી છે જેમાં પ્રમુખ ચૌધરી લાલજીભાઇ કાળુભાઇ, ઉપપ્રમુખ - ચૌધરી જયંતિભાઇ કાળુભાઇ, મંત્રી - રાઠોડ સિરસિંહ લાલજીભાઈ, સહમંત્રી ચૌધરી ઈશ્વરભાઈ જીવરાજભાઈનો સમાવેશ થાય છે. જ્યારે કારોબારી સભ્યોમાં ચૌધરી ડાહ્યાભાઇ વી., ચૌધરી શામળભાઇ કે., ચૌધરી નારણભાઇ એસ., પટેલ ગજાભાઇ એચ. અને પટેલ જેતાભાઇ જી.નો સમાવેશ થાય છે.

સમાચાર તા. ૨૮/૭/૯૭ શુક્રવાર

## બ. કાં. વિદ્યાર્થીમંડળએ રજીસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સની નોંધણી માટે કેટલી સફળ કામગીરી

પાટણ, તા. ૬

પાટણ ખાતે ~~આગામી~~ કેટલાંક વર્ષોમાં યોજકારી ઉ. ગુ. યુનિ.ની સેનેટ સભ્યની ચુંટણી માટે વોટ આપવા બ. કાં. વિદ્યાર્થી મંડળએ જેઓ સ્નાતક થયા છે. તેની નોંધણી કરાવી છે. આ કારણ જરૂર પડે તો સેનેટ સભ્યમાં બ.કાં. નો ઉમેદવાર પણ ઉભો રહી શકે. કોઇ પણ વિદ્યાર્થીને યુનિ. માં રિજલ્ટ સભ્ય કોઇ કામગીરી સહેલાઇ થી પાર પાડી શકાય તે એ હેતુંએ આ આવી શકય નોંધણી કરવાની ફરજ પડી છે.

આ સિવાય કેટલીક કામગીરી મંડળ હાથ ધરી છે. પાટણ ખાતે બ. કાં. ના લગભગ ૪૦૦ વિધાર્થી પાટણ ખાતે અભ્યાસ કરે આ વિદ્યાર્થીઓ દ્વારા બ. કાં. ના ગમાડામાં પોતાના આક્રોશ તથા ગામના અભણ માણસોને સમજાવીને પોતાનું બાળક શાળાએ મોકલે એવો સ્પષ્ટ વિચાર વ્યકત કર્યો મોટા ભાગના વિધાર્થીઓ સ્નાતક સુધી અભ્યાસ કરે એવી વિધાર્થીઓ પાસે હું અપેક્ષા પણ રાખું છું.

વિશેષમાં તા. ૭-૧૨-૯૭ ના રોજ પાટણ ખાતે માજી મુખ્ય મંત્રી શંકરસિંહ વાઘેલા આવે તો એક આવેદન પત્ર આપવાના દઢ નિશ્ચિય કર્યો.

દીપાવાળી વિશેષાંક ૨૦૦૪

दीपावली आप सभी को मंगलमय हो



# गणपति ट्रेडिंग कंपनी



लाल जी भाई

डीसा में
प्रतिष्ठित एवं विश्वसनीय व्यापारी व आढ़ती

मार्केट यार्ड, लाखणी-तालुका-डीसा (गुज.)
फोन : (ऑफिस) 02744-256207 (निवास) 256507
(DM-25)

...હતું કે વિશ્વસ્તરનું આરોગ્ય શહેર બેંગ્લોરમાં તેમની સંસ્થા દ્વારા બનાવવામાં આવી રહ્યું છે.

## જીવનવિમા એજન્ટની કરોડપતિ વીમા એજન્ટની સિધ્ધી



જીવન વિમા નિગમના એજન્ટ લાલજીભાઈ ચૌધરીએ ટૂંકાગાળામાં કરોડપતિ વિમા એજન્ટનું બિરૂદ મેળવી યશસ્વી સફળતા હાંસલ કરેલ છે.

લાખણી માર્કેટયાર્ડમાં પેઢી ધરાવતા યુવાન અને ઉત્સાહી લાલજીભાઈ ચૌધરી સેવાકીય પ્રવૃત્તિઓ થકી બહોળું મિત્ર વર્તુળ ધરાવે છે. સંતત પ્રવૃત્તિશીલ રહી અન્યોને મદદ રૂપ બનવાની ખેવનાના કારણે પંથકમાં અપાર લોકચાહના ધરાવે છે. વ્યસ્ત હોવા છતાં અનેક સહકારી તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે પણ સંકળાયેલા રહે છે. તેઓ ૨૦૦૭ ના વર્ષમાં જીવન વિમા નિગમના એજન્ટ તરીકે જોડાયા હતા અને આ ક્ષેત્રમાં પણ દિલથી કામગીરી કરી ટૂંકાગાળામાં કરોડપતિ વિમા એજન્ટની સિધ્ધિ હાંસલ કરી હતી.



# જીલ્લાના પ્રમાણીત ઓડીટર તરીકે નિમણુંક



(પ્રતિનીધિ) લાખણી

લાખણી ગામના વતની અને લાખણી માર્કેટયાર્ડમાં ગણપતી ટ્રેડીંગના માલિક, અર્બુદા ક્રેડીટ મંડળીના મેનેજર તથા એલ.આઈ.સી.ના એજન્ટ લાલાભાઈ કાળાભાઈ પટેલે બી.કોમ. એલ.એલ.બી નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ગુજરાતના રજીસ્ટ્રાર દ્વારા લેવાતી જી.ડી.સી. એન્ડ એ.ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી હતી. આથી તેમની બનાસકાંઠા જીલ્લા રજીસ્ટ્રાર દ્વારા પ્રમાણીત અન્વેષકોની પેનલ યાદીમાં સમાવેશ કરી સહકારી મંડળીઓના ઓડીટર તરીકેની નિમણુંક કરવામાં આવી છે.

તારીખ-૨૮/૫/૨૦૨૦

રખેવાળ






## હાર્દિક અભિનંદન

ગુજરાત પ્રદેશ ભાજપના નવીન સંગઠનમાં આપશ્રીને મહામંત્રી તરીકેની જવાબદારી સોંપાયાથી અમો હર્ષની લાગણી અનુભવી હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

